બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના તબીબી ભથ્થામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર ,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૩/૮/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૧/૧૦/૨૦૨૨.

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૦/૦૨/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૮/૫૭/ગ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૬/૦૫/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૩/૮/ગ.
(૩) નાણા વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૨૨/ઓ-૩૬૨/પગાર એકમ(ચ).
(૪) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૨૭/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/ ૨૦૨૨/ ૧૭૯૨૧.

**આમુખ:-**

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તા.૨૬/૦૫/૨૦૧૪ના ઠરાવથી રૂ.૩૦૦/- પ્રતિ માસ તબીબી ભથ્થુ ચૂકવવામાં આવે છે. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ના ઠરાવથી રાજ્ય સરકારના તેમજ પંચાયત સેવાના કર્મચારીઓ અને પેન્શનરોને મળતા પ્રતિ માસ રૂ.૩૦૦/-ના તબીબી ભથ્થામાં વધારો કરી પ્રતિ માસ રૂ.૧૦૦૦/- ચૂકવવાનું ઠરાવેલ છે. કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના તા.૨૭/૦૯/૨૦૨૨ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર પ્રતિ માસ રૂ.૩૦૦/- તબીબી ભથ્થામાં વધારો કરી પ્રતિ માસ રૂ.૧૦૦૦/- કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકારના કર્મચારીને કેશલેશ મેડીકલેમ આપવાની નીતિ વિષયક બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જે કોઈ નિર્ણય થયેથી, આ યોજનામાં ફરજિયાત જોડાવવાની શરતે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને મળતા પ્રતિ માસ રૂ.૩૦૦/-ના તબીબી ભથ્થામાં વધારો કરી પ્રતિ માસ રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા) ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૧/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.



Scanned with CamScanner

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા અને મા.શિ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત).
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ,
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક/ઘ/માધ્ય/ખનદ-૫/૨૦૨૨/૯૮૭૩૬-૭૦૫
કમિશ્નરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી
બ્લોક નં. ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૧૧/ ૧૦/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા તિજોરી અધિકારીશ્રી
તમામ.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના તેઓની હયાતીમાં પગાર બાંધણી કરવા નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૧૦૨૨૩/૯/ગ, તા.૨૧/૧૦/૨૦૨૨ ની નકલ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

(સહી)
મદદનીશ શિક્ષણ નિયામક (માધ્ય.)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સવિનય નકલ રવાના -

- સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨), સદર કચેરી.
- સંયુક્ત નિયામક (હિસાબ), સદર કચેરી

Scanned with CamScanner